વન ખાતાના ઘાસના છૂટક વેચાણના
દર મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક:ઘસચ/૧૨૨૦૧૩/૫૪/મ.

સચિવાલય ગાંધીનગર

તારીખ 21 FEB 2018

વંચાણે લીધા-

(૧) વન અને પર્યાવરણ વિભાગનો ઠરાવ ક્રમાંક : એમએફપી/૧૮૨૦૧૫/સી.ફા.૨૮/એમ તા.૧૪/૯/૨૦૧૫

(૨) વન અને પર્યાવરણ વિભાગનો ઠરાવ ક્રમાંક: ઘસચ/૧૨૨૦૧૩/૫૪/મ, તા.૧૮/૦૪/૨૦૧૬

(૩) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરનો તા.૫/૦૯/૨૦૧૭ નો પત્રક્રમાંક: ઘસચ/૩૪/૩૦૭૫II/બ/૬૦૧-૦૭/૨૦૧૬-૧૭

પ્રસ્તાવના:-

વન ખાતા દ્વારા ઘાસ વીડી વિસ્તારમાંથી તેમજ ઘાસ બીડો માંથી ઘાસ એકત્ર કરી સંગ્રહ કરવામાં આવે છે.આ ઘાસ એકત્રિકરણ કરવા સારુ ઘાસ વાઢકામ પ્રેસિંગ બેલીંગ કરી ગાંસડીને લેબલ લગાવી ગોદામ/ગંજીના સ્થળ સુધી વાહતુક કરી સંગ્રહિત કરવામાં આવે છે. આ ઉપરાંત આ સંગ્રહિત કરવામાં આવેલ ઘાસના સંરક્ષણ પાછળ પણ ખર્ચ થાય છે. સ્ટાફનો સુપરવિઝન ખર્ચ ઘાસના સંગ્રહ પછી આવતી ઘટ વિગેરે પરિબળો દયાને લઇ ઘાસ ના દર નક્કી કરવામાં આવે છે.

સંદર્ભ(૨) માં દર્શાવેલ વન અને પર્યાવરણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૬ના ઠરાવ થી રાજ્યમાં અછત વિસ્તાર સિવાયના વિસ્તારો માટેના વન ખાતા હસ્તકના ઘાસના છૂટક વેચાણના દરો ૨૦૧૫-૧૬ ના વર્ષ માટે (તા.૧/૧૦/૨૦૧૫ થી તા.૩૦/૯/૨૦૧૬ સુધી) મંજુર કરવામાં આવેલ છે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરે સંદર્ભ (૩)માં દર્શાવેલ તા.૫/૯/૨૦૧૭ના પત્રથી વર્ષ ૨૦૧૬-૧૭ (તા.૧/૧૦/૨૦૧૬ થી તા.૩૦/૯/૨૦૧૭ સુધી) ના વર્ષ માટે ઘાસ વેચાણના દરો મંજુર કરવા દરખાસ્ત કરેલ છે. જે સંદર્ભમાં વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૧૬-૧૭ ના સમય ગાળા દરમ્યાન સંગ્રહ થયેલ ઘાસનું વેચાણ/હરાજીથી નિકાલ કરવા માટેની નિતીમાં નહિ નફો કે નહિ નુકશાનના ધોરણે વન અને પર્યાવરણ વિભાગના સંદર્ભ (૧)માં દર્શાવેલ તા.૧૪/૯/૨૦૧૫ ના ઠરાવની જોગવાઈ અનુસાર પ્રાથમિકતા મુજબ હરાજી/વેચાણથી નિકાલ/વિતરણ કરવા માટેના દર નક્કી કરવાની બાબત સરકારશ્રી ની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૧૬-૧૭ ના સમય ગાળા દરમ્યાન સંગ્રહ થયેલ ઘાસના નિકાલ માટેના છૂટક વેચાણ દર નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.